એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે. અમે અત્રે કોલ્હાપુર ટાઈમ્સ અને કોલ્હાપુર કેસરીમાં તારીખ 23–4–2024ના રોજ પ્રસિદ્ધ કરેલી અમારી લિલામીની સૂચના પાછી ખેંચી રહ્યા છીએ.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (₹માં)	03.09.2024 ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (₹માં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. સંજયભાઈ મગનભાઈ સાવલિયા 2. લાભુબેન સાવલિયા	સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ પ્લોટ નં. 17, રેવન્યૂ બ્લોક/સર્વે નં. 302/બી/17, 55.94 ચો. મી.ના સાઈટના માપ મુજબ અને 7/12ના માપ હેક્ટર આરે 0–00–62.89 ચો. મી. એટલે કે 62.89 ચો. મી. મુજબ, જેની સાથે **'કાવ્યા રેસિડેન્સી વિભાગ-બી'**માં રોડની જમીન અને સી.ઓ.પી.માં અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 232/1, 232/2, 233/1, 233/2, 234/1, 234/2, બ્લોક નં. 302/બી, જેનું માપ હેક્ટર 1–42–65 ચો. મી. એટલે કે 14265 ચો. મી. આકાર 18.56 પૈસા થવા જાય છે, મોજે ગામ મુલડ, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત ખાતે આવેલ છે.	SRTHL180 00439 & SRTHL180 00572	11 એપ્રિલ, 2024	રૂ. 36,914/-	રૂ. 24,64,002.29/-	રૂ. 3,69,144/-	તમામ ચાલું દિવસે અગાથી એપોઈન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી	04.10.2024 બપોરે 12.00 થી 2.00 વાગ્યા સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/ થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજું ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **03/10/2024** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **04/10/2024** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **05/10/2024** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **"નામ — દિલ્લીપ મિશ્રા, સંપર્ક નં. 7575021496 , એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098."** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/ રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

તારીખઃ 18.09.2024
સ્થળઃ સુરત

આ વખતે ડ્રગ્સ માફિયાઓએ નવો પેતરો અજમાવ્યો

બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા

દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકાના દરિયા કાંઠે સોમવારે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ હતી

બેટ દ્વારકા,તા.૧૭

ગુજરાતનો દરિયા કિનારો ધીમે ધીમે નસીલા પદાર્થોની હેરાફેરી કરતું હબ બની જવા પામ્યું છે. છેલ્લા ઘણાં દિવસોથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી માદક પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે. ત્યારે બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા હતા. જેની કિંમત અંદાજે ૯૩.૩૦ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યુ છે. મળતી માહિતી અનુસાર, દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકાના દરિયા કાંઠે સોમવારે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસ તપાસમાં આ પેકેટમાં હાઈ ક્વોલિટીનો ચરસ હોવાનું જાહેર થયું છે. જેનું વજન ૮૬૬ ગ્રામ હોવાનું ખુલવા પામ્યું છે. આ મામલે બેટ દ્વારકા પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે. જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગ્સ માફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે.

સુરતમાં બંદોબસ્ત દરમિયાન પોલીસની ગંભીર બેદરકારી, લોડેડ પિસ્તોલ ચોરાઈ

સુરત,તા.૧૭

સુરતમાં બંદોબસ્ત દરમિયાન પોલીસની ગંભીર બેદરકારી જોવા મળી છે. એસીપી પઠાણના કમાન્ડોની લોડેડ પિસ્તોલ ની ચોરી થઈ ગઈ છે. પિસ્તોલ શોધવા આખુ પોલીસ તંત્રકામે લાગ્યું છે. પીર અબ્દુલનબીની દરગાહ પાસેનો બનાવ બન્યો છે. આ બનાવના સંદર્ભમાં પોલીસે આખો વિસ્તાર ફેંદી કાઢ્યો છે. એક ચોર પોલીસની લોડેડ પિસ્તોલ ચોરી કરી ગયો છે. કાઈમ બ્રાન્ચે ચોર સાથે લોડેડ પિસ્તોલ શોધી કાઢી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ઈદ વખતે લોડેડ પિસ્તોલની ચોરીના બનાવે પોલીસને ચોંકાવી દીધી હતી. પોલીસે લોડેડ પિસ્તોલને શોધવા માટે આખો વિસ્તાર ઉપરતળે કરી નાખ્યો હતો. પોલીસે આ બાબતને લઈને તેના બાતમીદારોની ફોજને પણ કામે લગાડી હતી. આના પગલે પોલીસને થોડા જ સમયમાં સગડ મળી ગયા હતા. પોલીસે તેના પછી ચોરી કરનારા ચોરને લોડેડ પિસ્તોલ સાથે પકડી લીધો હતો. ટૂંક સમયમાં જ લોડેડ પિસ્તોલ અને ચોર બંને પકડાતા પોલીસે હાશ અનુભવી હતી. બીજી શાંતિ એ હતી કે પોલીસની એ લોડેડ પિસ્તોલ દ્વારા ગુનેગારે હજી સુધી કોઈપણ પ્રકારનું ગેરકાયદેસરનું કૃત્યુ કર્યુ ન હતું.

ભાગળ ચાર રસ્તા પર મધ્યરાત્રીએ 3 વાગ્યે જ નિકળી વિસર્જન યાત્રા

સુરત,તા.૧૭:

સુરતમાં ગત વર્ષે પણ આનંદ ચૌદશના બીજા દિવસ સુધી વિસર્જન યાત્રા ચાલી હતી જેના કારણે અનેક ગણેશ ભક્તોની લાગણી દુભાઈ હતી. શહેરના કોટ વિસ્તારમાં મહાકાય ગણેશજીની પ્રતિમાની સ્થાપના થાય છે તેથી વિસર્જન યાત્રા દરમિયાન અનેક મુશ્કેલી પડે છે. ગત વર્ષની ઘટનાનો પાઠ ભણીને આજે કોટ વિસ્તારના કેટલાક ગણેશ આયોજકોએ મધ્યરાત્રીથી જ ગણેશજીની વિસર્જન યાત્રા શરૂ કરી દીધી હતી. રાત્રીના ૩ વાગ્યે તો ભાગળ ચાર રસ્તા પર દિવસ જેવો માહોલ સાથે ગણેશજીની શોભાયાત્રા નિકળી હતી અને ભાગળ વિસ્તાર ઢોલ નગારા અને ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી ગુંજી ઉઠ્યો હતો. મોજીલા સુરતીઓ અન્ય તહેવારની જેમ ગણેશ ઉત્સવ પણ ભારે આનંદ અને ઉત્સાહથી ઉજવે છે. સુરતમાં ભુતકાળમાં ગણેશ વિસર્જન યાત્રા નીકળી ત્યારે કલાકો સુધી શહેરના રસ્તા પર ફરતી જોવા મળતી હતી. સુરતમાં તાપી નદીમાં વિસર્જન થતું હતું ત્યારે શહેરના રસ્તા પર ગણેશ વિસર્જન યાત્રા જોવા માટે કીડીયારું ઉભરાતું હોય તેવી રીતે ભક્તો ગણેશ વિસર્જન યાત્રામાં જોડાતા હતા. હવે કૃત્રિમ તળાવમાં વિસર્જનના કારણે આ ટ્રેન્ડ થોડા બદલાયો હતો અને વહેલી વિસર્જન યાત્રા નિકળતી હતી. પરંતુ ગત વર્ષે મોટી ગણેશજીની પ્રતિમાનું વિસર્જન બીજા દિવસે થયું હતું. આ વર્ષે પણ તેનું પુનરાવર્તન ન થાય તે માટે શહેરના કોટ વિસ્તારના કેટલાક ગણેશ આયોજકોએ આનંદ ચૌદશની સવાર થાય તે પહેલાં જ ગણેશજીની વિસર્જન યાત્રા શરૂ કરી દીધી હતી. સુરત શહેરની મધ્યમાં આવેલા ભાગળ ચાર રસ્તા વિસ્તાર ગઈકાલે રાત્રીના ૩ વાગ્યે જીવંત થઈ ગયો હતો.

વિસર્જન યાત્રાના લીધે ડુમસ તરફ જતો રસ્તો બંધ કરાતા એરપોર્ટ જતા લોકો અટવાયા

સુરત,તા.૧૭:

સુરતમા ગણેશ વિસર્જન યાત્રાના પગલે તંત્ર દ્વારા ડુમસ ઓવારા તરફ જતા રસ્તાને વાહનચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો હતો, જેના પગલે સવારથી જ એરપોર્ટ તરફ જતા પેસેન્જરો અટવાયા હતા. પેસેન્જરોના ખાનગી વાહનોને પોલીસ દ્વારા ડુમસ તરફ જતા રોકવામાં આવ્યા હતા, જેના પગલે લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. જોકે, બાદમાં એરપોર્ટ પર જવા માટે પોલીસ તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી, જેના પગલે લોકો એરપોર્ટ સુધી જઈ શક્યા હતા. એરપોર્ટથી આગળ પોલીસ તૈનાત થઈ ગઈ હતી. આગળ ખાનગી વાહનોને જવા દેવામાં આવ્યા ન હતા.દરમિયાન ડુમસ તરફ જતો રસ્તો બંધ કરી દેવામાં આવતા લોકો પોતાના વાહનો ડિવાઈડર કુદાવતા જોવા મળ્યા હતા. લોકો પોતાનો તથા અન્યોનો જીવ જોખમમાં મુકતા હતા. આ વર્ષે ચોમાસું ભરપુર રહયુ છે. ગણેશ ઉત્સવ દરમિયાન પણ મેઘરાજા મન મુકીને વરસ્યા છે, પરંતુ આજે અનંત ચતુર્દશીના દિવસે વાદળો હટી ગયા હતા અને આકાશ કોરુંધાકર થઈ ગયું હતું. તડકો નીકળ્યો હતો. બપોર થતા તાપ પડી ર ાો હતો. લોકોએ તાપ અને તડકાથી બચવા માટે છત્રીનો સહારો લીધો હતો.

વિસર્જન યાત્રામાં નડ્યું વિઘ્નઃગણેશજીને વિસર્જન માટે લઈ જતા ટ્રેકટરના ટાયરમાં બ્લાસ્ટ, વિશાળકાય પ્રતિમા રોડ પર જ ખંડિત

સુરત,તા.૧૭:

દસ દિવસ ભગવાન ગજાનંદની પૂજા-અર્ચના બાદ આજે લોકો બાપ્પાનું વિસર્જન કરી રહયા છે. ત્યારે સુરતમાં વિઘ્નહર્તાની વિસર્જન યાત્રામાં જ વિઘ્ન નડ્યું હતું. સુરતના ભેસ્તાન વિસ્તારમાં આજે ગણેશ વિસર્જનના એક ટ્રેક્ટરનું ટાયર અચાનક ફાટી જતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું. જેના કારણે ટ્રેક્ટરમાં લઈ જવાતી વિશાળકાય ગણેશજીની પ્રતિમા રસ્તા પર પડતા ખંડિત થઈ ગઈ હતી. જેના કારણે અનેક ગણેશ ભક્તો દુઃખી થયાં હતાં. સુરત શહેરમાં આજે વહેલી સવારથી જ ગણેશજીની વિસર્જન યાત્રા શરૂ કરવામાં આવી છે. શહેરના ભાગળ વિસ્તારમાં ગણેશજીની વિસર્જન યાત્રામાં નાનકડું વિઘ્ન નડ્યું હતું. ત્યારબાદ ભેસ્તાન વિસ્તારમાં પણ એક ગણેશ મંડળ દ્વારા વિસર્જન યાત્રા કરવામાં આવી હતી, જેનો અકસ્માત થયો હતો.

ભેસ્તાનના ભૈરવ નગરમાં પૂર્વ કોર્પોરેટરની સોસાયટીમાંથી આજે ગણેશ વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રા ભેસ્તાન ભૈરવ નગર રોડ પર પહોંચી હતી ત્યારે અચાનક ટ્રેક્ટરના ટાયરમાં બ્લાસ્ટ થયો હતો. ચાલુ ટ્રેક્ટરમાં ટાયર ફાટી જતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું અને ટ્રેક્ટરમાં મૂકેલી ગણેશજીની પ્રતિમા પણ રસ્તા પર પડીને તૂટી ગઈ હતી.દસ દિવસની પૂજા બાદ ગણેશજીની મૂર્તિ રસ્તામાં જ ખંડિત થઈ જતા ગણેશ ભક્તો ભારે દુઃખી થયા હતા.

ત્યારબાદ આ પ્રતિમાને કૃત્રિમ તળાવ ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં પ્રતિકાત્મક વિસર્જન કરાયા બાદ વિસર્જન માટે દરિયાએ લઈ જવામાં આવી હતી. ગણેશજીની વિશાળકાય પ્રતિમા ખંડિત થતાં ગણેશ ભક્તોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ઉપરવાસમાંથી પાણીની આવક વધતા ૫ દરવાજા ખોલાયા

અમદાવાદ,તા.૧૭

ઉપરવાસમાં વરસાદ વરસતા નર્મદા ડેમમાં પાણીની આવક વધતા ૫ દરવાજા ખોલાયા છે. પાંચ દરવાજા ૧.૬૫ મીટર સુધી ખોલાયા છે. ઉપરવાસમાંથી પાણીની ૯૪,૧૨૮ ક્યુસેક પાણી આવક થઈ છે. નદીમાં ૬૦,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાવર હાઉસમાંથી ૪૧,૭૦૭ ક્યુસેક પાણી નદીમાં છોડાયુ છે.

બીજી તરફ હવામાન નિષ્ણાંત ચિરાગ શાહના જણાવ્યા અનુસાર ૨૮ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતના કેટલાક સ્થળોએ વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં એક સિસ્ટમ સક્રિય થતા વરસાદ વરસી શકે છે. તેમજ આગામી અઠવાડિયામાં ઉકળાટ વધવાના પગલે છૂટાછવાયા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

તાપી જિલ્લાના ડુંગરગામ ખાતેથી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો પ્રારંભ

જનભાગીદારી સાથે ગામ અને તાપી જિલ્લાને સ્વચ્છ બનાવીએઃ કલેકટર શ્રી ડો.વિપિન ગર્ગ

જનાદેશ પ્રતિનિધિ વ્યારા - તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ડુંગરગામ ખાતે આજરોજ તાપી કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગ ના અધ્યક્ષ સ્થાને "સ્વચ્છતા હી સેવા" અને "એક પેડ મા કે નામે" નામના બે કાર્યક્રમો યોજાયા હતા. તાપી જિલ્લામાં જુદા જુદા તબક્કાઓમાં ૩૧ ઓક્ટોબર સુધી ચાલનારા આ કાર્યક્રમનો ડુંગરગામથી મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપીને -રંભ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સૌ ગ્રામજનોએ પોતાના ગામને સ્વચ્છ બનાવવાના શપથ લીધા હતા. ક્લીનલીનેસ ટાર્ગેટ યુનીટની સાફસફાઈ કરી એક પેડ મા કે અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો સહિત ડુંગરગામના લોકોએ એક હજાર થી વધુ વૃક્ષો વાવી બ્યુટીફીકેશન કર્યુ હતું. કલેકટરશ્રી ડો. વિપિન ગર્ગે ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ

અંતર્ગત આપણે સૌએ જનભાગીદારી સાથે આપણું ફળિયું, ગામ,આંગણવાડી, શાળા તેમજ જાહેર જગ્યા તેમજ તાલુકા અને જિલ્લાને સ્વચ્છ બનાવીએ. જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સ્વચ્છતાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. સુકો કચરો અને ભીનો કચરો અલગ કરીને તેની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાં જ નાંખીએ. સૌથી વધુ સમસ્યા પ્લાસ્ટિકની છે. જેથી નોન પ્લાસ્ટિક જુદુ કરીને કચરાનો યોગ્ય નિકાલ કરવાનો છે. વધુમાં જણાવ્યું હતુ કે, એક પેડ માં કે નામ હેઠળ આપણે પોતાની માતાના નામથી એક વૃક્ષ વાવીને તાપી જિલ્લાને હરિયાળી સમૃધ્ધ બનાવીએ. તદઉપરાંત આજે સેવાસેતુનો પણ -રંભ થઈ રહ્યો છે. સરકારની ૫૪ પ્રકારની સેવાઓનો લાભ દરેક નાગરિકે લેવો જોઈએ એમ ઉમેર્યું હતું. નાયબ વન સંરક્ષક શ્રી પુનિત નૈયરે જણાવ્યું હતું કે ૫ જૂન ૨૦૨૪ થી એક પેડ મા કે નામે કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે. સામાજીક વનીકરણ દ્વારા તાપી જિલ્લામાં ૪૦ લાખ વૃક્ષોનું વાવેતર ચાલુ વર્ષમાં કરવામાં આવ્યું છે. હાલમાં તાપી જિલ્લો ગુજરાતમાં ત્રીજા ક્રમે છે. સમગ્ર ગુજરાતમાં ૭.૫ કરોડ વૃક્ષો વાવવામાં આવ્યા છે. આપણું ગામ,જિલ્લો હરિયાળો બને એવો પ્રયાસ છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તાપીના નિયામક ખ્યાતી પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ હેઠળ આપણે સૌએ જનભાગીદારી સાથે સહભાગી થવાનું છે. ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિ સુધી સ્વચ્છતા જાગૃતી માટે અનેક થીમનું આયોજન કરવામાં આવ્યું છે.

જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છેઃ પૂર્વ મંત્રી

રાજ્યના પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ વડાપ્રધાનને લખ્યો પત્ર

જુનાગઢ,તા.૧૭

રાજ્યના પૂર્વ મંત્રી અને એક સમયના કોંગ્રેસના પીઢ નેતા જવાહર ચાવડા હવે ભાજપમાં પણ વિદ્રોહના સૂર રેલાવી રહ્યા છે. જેમાં ખાસ લોકસભા ચૂંટણી બાદ સાંસદ અને મંત્રી મનસુખ માંડવીયાને લઈને થયેલા વિવાદ બાદ ફરી તેમણે સીધી પ્રધાનમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જવાહર ચાવડાએ પત્રમાં લખ્યું છે કે સત્યનો હંમેશા વિજય થાય છે આ કથા છે જુનાગઢ શહેરની. નવ વર્ષની વ્યથાની, આપણા શિસ્તને વરેલા પક્ષમાં કેટલાક નિયમો છે. આમ તો આ નિયમો દરેક કાર્યકર્તા કે હોદ્દેદારોને સમાન રીતે લાગુ પડે છે, પરંતુ જુનાગઢ આમા અપવાદ છે. જવાહર ચાવડાએ લખ્યું કે જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ છેલ્લા નવ વર્ષથી હોદ્દા પર છે અને આ સ્થાન પર રહી અને તેનો દુરઉપયોગ કરીને બીજા સ્થાન પ્રાપ્ત કર્યા છે. એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છે, ૧. જિલ્લા પ્રમુખ ૨. બેંકમાં પ્રમુખ ૩. માર્કેટીંગ યાર્ડમાં પ્રમુખ. બે જીલ્લાના ત્રણ તાલુકાઓના યાર્ડમાં પ્રમુખપદ ભોગવ્યું, ૧. તાલાળા ૨. વિસાવદર ૩. જુનાગઢ કદાચ ભારતમાં પહેલીવાર આટલું લોલમલોલ ચાલ્યુ હશે અને પ્રમુખ પદની મ્યુચ્યુલ ટ્રાન્ફર પણ કરી. તેમણે જણાવ્યું કે આટલા બધા પદ એ સત્તા લાલસાની પરાકાષ્ટા છે. કેટલાક તો એકસાથે ભોગવ્યા જેથી વિવિધ વિભાગો અને સ્થાનોમાં વસૂલી કે હપ્તાખોરી કરીને ચરમસીમા વટાવી છે. આ અંગે મેં અને અન્ય આગેવાનો ૧. કનુભાઈ ભાલાળા ૨. ઠાકરશીભાઈ જાવિયા ૩. માધાભાઈ બોરીચા વગેરેએ વખતો વખત ફરીયાદ કરી હોવા છતાં પણ આપના સમક્ષ આ વાત પહોંચી નથી, ક્યાંક કોઈ રહેમ નજર હેઠળ દબાઈ જાય છે.

હિંમતનગરમાં ગણેશ વિસર્જન દરમિયાન સર્જાઈ જૂથ અથડામણ

હિંમતનગર,તા.૧૭

ગુજરાતમાં ગણેશોત્સવ દરમિયાન વારંવાર અસામાજિક તત્વો દ્વારા રાજ્યની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગણેશોત્સવ દરમિયાન જ છઠ્ઠીવાર આવી ઘટના સામે આવી છે. હિંમતનગરના-ઈડર સ્ટેટ હાઈવે પર ન્યાય મંદિર વિસ્તારમાં લગાવેલા હોર્ડિંગ પર બે જૂથો વચ્ચે ઝંડાના વિષયને લઈને ઘર્ષણ થયું હતું. એક જૂથ દ્વારા લગાવવામાં આવેલા ઝંડાને બીજા જૂથે ઉતારી લેતા અથડામણ થઈ હતી. બે જૂથો વચ્ચેની અથડામણની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ઢૂરૂજી સહિતના અધિકારીઓ ન્યાયમંદિર વિસ્તારમાં દોડી આવ્યા હતાં. ગણેશ વિસર્જનને લઈને મોટી સંખ્યામાં આ વિસ્તારે લોકોના ટોળા પણ ઉમટ્યાં હતાં.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **કોઠારી ધર્મેન્દ્ર મદનલાલ** હતું જે નામ બદલીને નવું નામ **કોઠારી ધર્મેન્દ્રકુમાર મદનલાલ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: કોઠારી ધર્મેન્દ્રકુમાર મદનલાલ
સરનામું : સી-૧૦૪, સંગીની રેસીડેન્સી, કેનાલ રોડ, પનાસ ગામ, સિટી લાઈટ પાસે, સુરત.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **નફીસ અહમદ** હતું જે નામ બદલીને નવું નામ **નફીસઅહમદ અનીસઅહમદ અન્સારી** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: નફીસઅહમદ અનીસઅહમદ અન્સારી
સરનામું : ૩૨, તલ્હા બેકરી, પાળિયા નો ભઠ્ઠો, ભરીમાતા રોડ, ફૂલવાડી, સુરત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **શૈલેશકુમાર દયાળજી પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **શૈલેશભાઈ દયાળજીભાઈ પટેલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: શૈલેશભાઈ દયાળજીભાઈ પટેલ
સરનામું : ૧૪૭ મંદિર ફળિયા, રાબડા, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૫૫, ભારત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **રીતાબહેન શૈલેશકુમાર પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **રીતાબેન શૈલેશભાઈ પટેલ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: રીતાબેન શૈલેશભાઈ પટેલ
સરનામું : ૧૪૭ મંદિર ફળિયા, રાબડા, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૫૫, ભારત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **બોરાણા મહેન્દ્રકુમાર દેવીલાલ** હતું જે નામ બદલીને નવું નામ **મહેન્દ્ર દેવીલાલ બોરાણા** રાખેલ છે. જેની સર્વે નોંધ